લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય,સણોસરા

જુનિયર ક્લાર્ક ભરતી ૨૦૨૬-૨૭

સામાન્ય સૂચનાઓ

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા સંચાલિત લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃગ્રા.વિ./NOC/૨૫-૨૬/૬૬-૬૮ તા.૦૬/૧૨-૦૧-૨૦૨૬ થી સુધારા NOCથી જુનિયર ક્લાર્કની જગ્યા ભરવા માટે NOC મળેલ છે. જુનિયર ક્લાર્ક ખાલી જગ્યા ભરવા માટે તા. ૨૧/૧૧/૨૦૨૬ની જાહેરાત મુજબ અરજીઓ મંગાવવામાં આવેલ છે.

ભરતી પ્રક્રિયાના સંબંધેની તમામ સૂચનાઓ સંસ્થાની વેબસાઈટ www.lokbharti.orgપર મૂકવામાં આવશે, તેથી નિયમિત સંસ્થાની વેબસાઈટ અચૂક જોતા રહેવું.

સામાન્ય સૂચનાઓ :

(૧) અરજી કરતાં પહેલાં વિગતવાર સૂચનાઓ, શરતો અને નિયમો તથા આ સમગ્ર જાહેરાત અરજી કરતા ઉમેદવારે પોતે ધ્યાનથી કાળપૂર્વક વાંચવી જરૂરી છે.

(૨) ઉમેદવારે જગ્યા માટે અરજી કરે છે ત્યારે તેને અરજીસાથે નિયત જુનિયરક્લાર્ક અરજી ફોર્મ ભરવાનું રહેશે અને તેમાં ડી.ડી. (ડિમાન્ડ ડ્રાફટ) રૂ.૧૦૦૦/- નો પણ અલગથી 'Achary, loksevaMahavidyalay'ના નામનો આપવાનો રહેશે.

(૩) પરીક્ષા પદ્ધતિ–પસંદગીની પ્રક્રિયામાં MCQ પ્રકારના પ્રશ્નોવાળી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ઉમેદવારેઆપવાની રહેશે. જે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવી.

ઉમેદવારોને પરીક્ષા સંદર્ભે સૂચનાઓ ઈ–મેઈલ થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સબંધિતકોલમમાં મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી,અરજી ફોર્મ ભરતા સમયે દર્શાવેલ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ જાળવી રાખવા જરૂરી અને આપના હિતમાં છે.

(૪) આ જગ્યા દિવ્યાંગ 'A' કેટેગરી અંતર્ગત B-(Blind) અંધ, LV-(low vision) ઓછી દ્રષ્ટી માટે અનામત હોવાથી તેવા ઉમેદવારો જ અરજી કરી શકશે.

(૫) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

(૬) અધૂરી વિગત વાળી કે આધારો વગરની અરજીઓ તેમજ સમય મર્યાદા તા.૦૫/૧૨/૨૦૨૬ બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.

(૭) સદર ભરતી પ્રક્રિયા રાજય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.

(૮) ઉમેદવારે અરજી કરેલ હોય, તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.

(૯) અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે નિયત અરજી ફોર્મમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, ડીગ્રી પ્રમાણપત્ર, તથા કેટેગરી (દિવ્યાંગ 'A' કેટેગરી) તેમજ અન્ય લાયકાતના અસલ

પ્રમાણપત્રોને સાથે રાખીને અરજી ફોર્મમાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી, અધુરી કે અસ્પષ્ટ વિગતોના કારણે અરજી રદ થવાપાત્ર રહેશે. આથી ઉમેદવારે નિયત અરજીફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

(૧૦) અરજી માટે ભરેલ રૂા. ૧,૦૦૦/– પ્રોસેસિંગ ફી રીફંડ મળવાપાત્ર રહેશે નહીં.

(૧૧) NOC મુજબની સબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઈ શારીરિક યોગ્યતા,ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિક સંબંધિત શરતો, અજમાયશી ગાળા અંગેની શરત, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સબંધે સંસ્થા/યુનિવર્સિટી/રાજય સરકારમાં કરવામાં આવેલ જોગવાઈ તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ના ભાગ–૩ અને ભાગ–૪માં દર્શાવ્યા મુજબની તમામ શરતો યથાયોગ્ય રીતે લાગુ કરવાના રહેશે.

(૧૨) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે તમામ શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૧૩) પસંદગી પામેલ ઉમેદવારે કોલેજ કેમ્પસમાં નિવાસ ફરજિયાત કરવાનો રહેશે, ખાદીનો પહેરવેશ પણ ફરજિયાત રહેશે તેમજ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં ફરજિયાત હાજર રહેવાનું રહેશે. સંસ્થાની નિયત આચારસંહિતા પાળવાની રહેશે.

(૧૪) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરિક્ષા નિયમો આખરી રહેશે.

(૧૫) ગુજરાત સરકારશ્રી તથા મહારાજા કૃષ્ણકુમારસિંહ ભાવનગર યુનિવર્સિટી દ્વારા વખતોવખતના કામગીરી સંબંધિત નિયમો નિમણૂંક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે અને પાલન કરવાનું રહેશે.

(૧૬) સંસ્થા દ્વારા જે કોઈ કામગીરી-જવાબદારી સોંપવામાં આવે તે કરવાની રહેશે.

(૧૭) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભીથાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૧૮) નાણા વિભાગના તા. ૧૮/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૪૫/પાર્ટ ૨/અ/૧ નીજોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવા પાત્ર થશે. વધારાના કોઈ જ ભથ્થા મળવા પાત્ર નથી. હાલ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ફિકસ પગાર રૂ. ૧૯,૯૫૦/- મળવાપાત્ર થશે. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર સુધારા ઠરાવ થયાથી ફિકસ પગાર અંદાજે ૨૬,૦૦૦ લાગુ થશે.

(૧૯) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરી સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં.

(૨૦) સદર ગ્રામવિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

(૨૧) આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામ વિદ્યાપીઠના વેકેશન સિવાયની અન્ય કોઈપણ પ્રકારની રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાય કોઈપણ રજા ભોગવશે તો પગારની કપાત કરવામાં આવશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૨૨) આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૧/૦૪/૧૯૯૪ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠના કર્મચારીઓ માટે નિયત થયેલ આચારસંહિતાના તમામ નિયમોનું સંપૂર્ણ પાલન કરવાનું બંધનકર્તારહેશે જે અંગે ઉમેદવારે કોલેજને સંમતિપત્ર નિમણૂંક સમયે આપવાનો રહેશે.

(૨૩) નિયુક્તિ સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા નિયુક્તિની શરતોમાં ફેરફાર કરવાનો હક્ક તથા પૂર્વમંજૂરી સમયે ઉમેદવારના સંદર્ભે રાજય સરકારના પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઈઓને આધિન શરતો નક્કી કરવાનો હક્ક ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો રહેશે.

(૨૪) પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીઓને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટમાટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહિ તેમજ સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

(૨૪) આ જગ્યા દિવ્યાંગ “A” કેટેગરીની હોવાથી દિવ્યાંગની ભરતી પ્રક્રિયા સંબંધી સરકારશ્રીના વખતોવખતના ધારાધોરણો અને નિયમો લાગુ પડશે.

(૨૫) ન્યાયક્ષેત્ર સિહોર રહેશે.

<u>રાષ્ટ્રીયતાઃ</u>

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

<u>વયમર્યાદાઃ</u>

(૧) જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખઃ૦૫/૧૧/૨૦૨૬ના રોજ ગણવામાં આવશે.

(૨) ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ તેમજ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળના નિયમ મુજબ વયમર્યાદામાં છૂટછાટ રહેશે. સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, સામાન્ય કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા પુરુષ અને મહિલા, માજી સૈનિક ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસારછૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારોનો બિન–અનામત જગ્યા માટે અરજી કરશે તો તેવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

કેટેગરી	છૂટછાટ	મહત્તમ વયમર્યાદા
સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને	૫ વર્ષ	(મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં)
અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારને	૫ વર્ષ	(મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં)
અનામત કેટેગરીના મહિલા ઉમેદવારને (૫+૫=૧૦)	૫ વર્ષ	(મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં)
સામાન્ય કેટેગરીના દિવ્યાંગતા ધરાવતાપુરુષ ઉમેદવારોને	૧૦ વર્ષ	(મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)
સામાન્ય કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫)	૧૫ વર્ષ	(મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)
અનામત કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+૧૦+૫=૨૦)	૨૦ વર્ષ	(મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)
માજી સૈનિક ઉમેદવારો	ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.	

દિવ્યાંગતા:- ગુ.ગૌ.પ. મંડળના ધારાધોરણ મુજબ જિલ્લા કક્ષાના માન્ય સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરી અપાયેલ પ્રમાણપત્ર અરજીફોર્મ સાથે રજૂ કરવાનું રહેશે.

પરીક્ષા પધ્ધતિ :

સંચાલક મંડળ નિયત સમય મર્યાદામાં રજિસ્ટર પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટ દ્વારા મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૧૮/૧૧/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંકઃ ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક તેમજ (૨) તા.૧૬/૧૨/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ ભરત/ ૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ ઉપરાંત The Gujarat Government Gazette પ્રાધિકૃત રીતે પ્રકાશિત થયેલ VoL.LXVII,ગુરૂવાર, Januarry 22, 2026/MAGHA 2,1947ભાગ—IV-A, ભાગ-I, I-A તથા I-L માં પ્રકાશિતથયેલ બાબતો સિવાયના નિયમો અનેઆદેશ, જે ગુજરાત સરકારદ્વારા Central Acts હેઠળ બનાવવામાં આવ્યા હોય, તે લાગુ પાડવામાં આવશે.

વરણી સમિતિ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૨૬ જાહેરાતમાં ક્રમાંક GS/2026/01/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

જુનિયર ક્લાર્ક પરીક્ષા તબક્કો:-૧ પ્રાથમિક પરીક્ષા **સમય:-૨ કલાક**

૧	ગુજરાતી	૧૫ ગુણ
૨	English (અંગ્રેજી)	૧૫ ગુણ
3	General Awareness and Current Affairs (સામાન્ય જ્ઞાન તથા વર્તમાન બાબતો)	3૦ ગુણ
૪	Quantitative Aptitude (સાંખ્યિક/માત્રાત્મક વલણ)	3૦ ગુણ
૫	Reasoning (તર્ક)	૬૦ગુણ
	કુલ ગુણ	૧૫૦ ગુણ

૧. મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં પ્રાથમિક પરીક્ષા MCQ પદ્ધતિથી લેવામાં આવશે.

૨. પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.

૩. પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટિવ માર્કિંગ રહેશે.

૪. દિવ્યાંગ ઉમેદવારોના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.

૫. પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનિંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

૬. પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરવામાં આવશે. મેરિટના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

૭. MCQ (Multiple Choice Question)માંકુલ-પાંચવિકલ્પો (A, B, C, D,E)આપવામાં આવશે.આ પાંચ વિકલ્પોમાંથી ઉમેદવારો પ્રશ્નોનો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે.

૮. પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ/વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ E પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

જુનિયર ક્લાર્ક પરીક્ષા તબક્કો – ૨ : મુખ્ય પરીક્ષા

પ્રથમ તબક્કાની પ્રથમ પરીક્ષાબાદ સામાન્ય વહીવટવિભાગના તા.૧૬/૧૨/૨૦૨૫ના જાહેરનામા મુજબ| પરીક્ષા MCQ (Multiple Choice Question)પ્રકારના પ્રશ્નો ધરાવતી સંયુક્ત સ્પર્ધાત્મક (Combined Competitivs Exam.) MCQ-OMR પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ। Appendix-G [Rule 6(2), 7, 14,(3)] મુજબ રહેશે.

તબક્કો:-૨ મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ ગુણ:૨૦૦ સમય: ૨ કલાક

અભ્યાસક્રમ મુદા ક્રમ	અભ્યાસક્રમ	ગુણ
૧	Indian State System and Constitution (ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ)	૨૦
૨	Indian Economy, State Economy, NITI Aayog (ભારતીય અર્થતંત્ર, રાજ્ય અર્થતંત્ર,નીતિ આયોગ)	૨૦
૩	Public Administration and Governance (જાહેર વહીવટ અને શાસન)	૨૦
૪	Discipline and Ethics in Public Service(જાહેર સેવામાં શિસ્ત અને નીતિશાસ્ત્ર)	૧૦
૫	Information on various government Schemes (વિવિધ સરકારીયોજનાઓની માહિતી)	૩૦
૬	Regional, National and International Important Events including Current Affairs(વર્તમાન બાબતો સહીત પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય મહત્વની ઘટનાઓ)	૩૦
૭	History and Geography of Gujarat (ગુજરાતનો ઈતિહાસ અને ભૂગોળ)	૨૦
૮	Cultural Heritage of Gujarat (Art and Literature) (ગુજરાતનો સાંસ્કૃતિક વારસો (કલા અને સાહિત્ય))	૧૦
૯	Gujarati And English (ગુજરાતી અને અંગ્રેજી)	૨૦
૧૦	Science, Environment and Information Technology (વિજ્ઞાન,પર્યાવરણ અને માહિતી ટેકનોલોજી)	૨૦
	કુલગુણ	૨૦૦

<u>લઘુત્તમ લાયકાત અંગે:-</u>

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં તથા તે તબક્કાના તમામ પેપરમાં લઘુતમ લાયકાત ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહીં પડે.

લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાકદીઠ ૨૦ મિનિટનો વળતર સમય (Compensatory Time)મળવાપાત્ર રહેશે. લહિયાની સુવિધા મેળવનારે ગુ.ગૌ.પ.મંડળની સુચના મુજબની આગોતરી સઘળી કાર્યવાહી કરવાની રહેશે. ગુ.ગૌ.પ.મંડળની વેબસાઈટ પર અપાયેલી સુચના પ્રમાણે અનુસરવાનું રહેશે.

પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ:-

(૧) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રાથમિક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

(૨) સંસ્થા દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુતમ લાયકાત ગુણનું ધોરણના આધારે અલગ આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

પરીક્ષા અંગેની વિગતો નીચે મુજબ રહેશે.

૧. ઓબ્જેક્ટિવ ટાઇપ એલિમિનેશન ટેસ્ટમાં બહુવિધ પસંદગીના પ્રશ્ન (MCQ) હશે

૨. Part A અને Part Bનું સ્વતંત્ર ક્વોલીફાઈન્ગ ધોરણ (Qualifying Standard) રહેશે.

૩. સ્પર્ધાત્મક પરીક્ષાના Part A માટે ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part B માટે ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં રહેશે નહી. પરીક્ષાના Part A અને Part B ના સંયુક્ત પરિણામને આધારે વરણી સમિતિએ મેરીટ આધારે પસંદ કરેલાઉમેદવારોમાંથી પ્રથમ ત્રણ ઉમેદવારો અગ્રતાક્રમે જરૂર મુજબ પ્રમાણપત્ર ખરાઈ અર્થે બોલાવવામાં આવશે.

૪. Part-A તથા Part-B પ્રશ્નપત્રમાં અંગ્રેજી વિષય સિવાયના બધા વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે,

૫. ઉમેદવારે બધા પ્રશ્નોનો પ્રયાસ કરવાનો રહેશે.

૬. દરેકપ્રશ્નમાં"પ્રયાસનથીકર્યો"(Not Attempt) નો એક વિકલ્પ રહેશે. જો ઉમેદવાર જવાબ આપવાનો ઇરાદો ન રાખે, તો તે આ વિકલ્પ પસંદ કરી શકે છે. જો ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે છે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.

૭. જો ઉમેદવારે પ્રશ્નમાં આપેલા કોઈપણ વિકલ્પ પસંદ કર્યો નથી, તો તે ૦.૨૫નો નકારાત્મક ગુણ ધરાવશે.

૮. દરેક વિષય માટે વિગતવાર અભ્યાસક્રમ બોર્ડ દ્વારા નિર્ધારિત અને સૂચિત કરવામાં આવશે તેવો રહેશે.
નોંધ: અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

૯. જે તે જગ્યા(સંવર્ગ)ની જાહેરાત અન્વયે મંડળ દ્વારા તે સંવર્ગની MCQ પધ્ધતીથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

૧૦. MCQ પધ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કિંગ પધ્ધતિ અપનાવવામાં આવશે.

૧૧. કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

દિવ્યાંગ ઉમેદવારો:-

૧. દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિનઅનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિનઅનામતનાં ધોરણોલાગુ પડશે.

૨. જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલા હોય, તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/GR થી નિયત થયેલા સુપરીન્ટેન્ડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે. (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં), દિવ્યાંગ ઉમેદવારોએ ફોર્મમાં Personal Details માં પોતાની દિવ્યાંગતાની ટકાવારી અને વિગત દર્શાવવાની રહેશે.

૩. દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક GAD/PHA/e-File/1/2023/8017/G2 અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા-૧૫/૧૨/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક:HFWD/MSM/e-FILE/7/2024/1833/A થી નિયત થયેલ નમૂનામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે રજૂ કરવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

માજી સૈનિક:-

૧. માજી સૈનિક ઉમેદવારોએ કે જેમણે નોકાદળ/હવાઈદળ ભૂમિદળની ઓછીમાં ઓછી ૬ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ના જાહેરાતમાં ક્રમાંક: GS/2018-(2)-RES-1085/3433/G-2ની જોગવાઈ મુજબ, ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત, ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/ERE/e-le/1/2023/5258/G-2થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિને એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે.

માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત:

૧. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ.૨ થી કરાયેલ જોગવાઈ અનુસાર એથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નાસ્ટિક્સ, જુડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખો-ખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં (1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (II) આંતર યુનિવર્સિટી અથવા (III) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રીમતા માટે તેઓને પરીક્ષામાં મેળવેલ ગુણના મેરિટ્સના આધારે મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઈ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઈ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ

ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

૨. ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરિટ પુનઃનક્કી કરવામાં આવશે.

૩. સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મૂકીને વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતોવખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

<u>દિવ્યાંગ ઉમેદવારોને લહિયા (Scribe)/વળતર સમય (Compensatory Time)ની સુવિધા આપવા બાબત :-</u>

ભારત સરકારના Ministry of Social Justice & Empowerment ના Department of Empowerment of Persons with Disabilities (Divyangjan) ના તા. ૨૮/૦૮/૨૦૧૮ ના Office Memorandum ક્રમાંક :<u>F.No</u>.34-02/2015-DD-III મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 ની કલમ-૨(r) હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ Persons with Benchmark Disability અને લેખન ક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારોને જો તેઓ ઇચ્છતા હોય તો, જે તે શરતોને આધીન લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૧) જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા Benchmark Disability ધરાવતા અથવા આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અસમર્થ/લખવામાં તકલીફ હોય તેવા દિવ્યાંગ ઉમેદવારોને તેમની રજૂઆત પર લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૨) દિવ્યાંગ ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે લેખિત પરીક્ષાનો કોલ લેટર મળ્યે થી ગુ.ગૌ.પ.મંડળની વેબસાઇટ ઉપર ઉમેદવાર ઉપયોગિતા ટેબ ઉપર Click કરી લહિયા મેળવવા માટેના સેકશનમાં જઈ અથવા https://gsssb.gujarat.gov.in/Home/ph ઉપર Click કરી લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગેની સૂચનાઓ તથા નિયત નમૂનાઓમાં આપવામાં આવેલ લહિયા/વળતર સમયની સુવિધા માટેનું ફોર્મમાં જરૂરી વિગતો ભરી સૂચનામાં દર્શાવ્યા મુજબના જરૂરી પ્રમાણપત્રો સામેલ રાખી અચૂકપણે પરીક્ષાના બે દિવસ અગાઉ સુધીમાં લોકસેવા મહાવિદ્યાલયના ઇમેઇલ: brs.lokseva.bu@gmail.com ઉપર મેઇલ કરવાનો રહેશે.

(૩) સંબંધિત જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા Blindness, Locomotor disability (Both arm affected-BA) Benchmark disability (40% થી ઓછી ન હોય ત્યાં સુધીની વિકલાંગતા) ધરાવતા, લખવા માટે અસમર્થ હોય તેવા ઉમેદવારોએ દિવ્યાંગતાના પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે પરંતુ લખવા માટે અસમર્થ હોવા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહીં.

(૫) વળતર સમય (Compensatory Time):ઉપરોક્ત મુદ્દા (૨) માં વ્યાખ્યાયિત કર્યા મુજબના બેન્ચમાર્ક ડિસેબિલિટી ધરાવતા અને લેખનક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારોને પરીક્ષામાં પ્રતિ કલાક માટે ૨૦ મિનિટ 'વળતર સમય' મળવાપાત્ર છે.

(૬) ઉમેદવાર દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે કરવામાં આવેલ અરજીની ચકાસણી બાદ વરણી સમિતિ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા આપવી કે નહીં તે નિર્ણય કરવામાં આવશે. વરણી સમિતિ દ્વારા કરવામાં આવેલ નિર્ણયની જાણ ઉમેદવારને તેઓના ઇમેઇલ ઉપર કરવામાં આવશે.

(૭) ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે લહિયાની સુવિધા મેળવવા માટેના જરૂરી પ્રમાણપત્રો અસલમાં તથા વરણી સમિતિ દ્વારા આપવામાં આવેલ મંજૂરીનો પત્ર સાથે લાવવાનો રહેશે.